# શાકભાજી બાદ કઠોળ અને મસાલાના ભાવમાં વધારો

**કઠોળના ભાવમાં ૫ થી ૧૦ રૂપિયાનો વધારો નોંધાયો : શાકભાજી અને કઠોળના ભાવ વધતાં ખરીદી પર અસર : મસાલામાં પણ ભાવ વધારો નોંધાયો**

ચોમાસાની અસર બજાર પર જોવા મળી રહી છે. આ એટલા માટે કહેવું પડી રહ્યું છે કારણ કે બિપોરજોયમાં વધેલા શાકભાજીના ભાવ ચોમાસુ શરૂ થવા છતાં પણ ઘટ્યા નથી. ત્યારે શાકભાજીના ભાવમાં વધારો થતા તેની જગ્યાએ લોકો કઠોળનો ઉપયોગ કરતા હોય છે. તેમાં પણ વરસાદના કારણે વધારો નોંધાયો છે.

બિપરજોય વાવાઝોડા અને બાદમાં વરસાદી માહોલના કારણે ઉપરથી ભાવ વધતા હોલસેલ અને રિટેલ બજારમાં ભાવ વધારો નોંધાયો છે. ઉતર ગુજરાત અને સૌરાષ્ટ્રમાં વરસાદ મન મૂકીને વરસી રહ્યો છે. જ્યાંથી આ કઠોળ આવતા હોય છે. જેના કારણે તેના ભાવ પર અસર જોવા મળી છે.


ગરીબ અને મધ્યમ વર્ગના લોકો આ મોંઘવારીના માર વચ્ચે પીસાઈ રહ્યો છે.તેમ છતાં દિન પ્રતિ દિન ભાવમાં ધરખમ ફેરફારો થઈ રહ્યા છે.અને જીવન જરૂરી ચીજવસ્તુઓના ભાવ વધતા વધુ હાલાકી ભોગવવી પડી રહી છે.

## શાકભાજી અને કઠોળના ભાવ વધતાં ખરીદી પર અસરઃ

દરેક સિઝનમાં સિઝનેબલ વસ્તુમાં ભાવમાં વધારો નોંધાતો હોય છે. આ વર્ષે બિપોરજોય વાવાઝોડા દરમિયાન શાકભાજીના ભાવમાં જે વધારો થયો હતો તે તો યથાવત જ છે સાથે જ શાકભાજીની અવેજીમાં જે કઠોળનો ઉપયોગ લોકો કરતા હોય છે તેમાં વરસાદ દરમિયાન વધારો જોવા મળ્યો છે. જેના કારણે લોકો મુશ્કેલીમાં મુકાયા છે. કારણ કે હોલસેલમાં કઠોળના ભાવમાં ૫ થી ૧૦ રૂપિયાનો વધારો નોંધાયો છે, જ્યારે રિટેલમાં ૨૦ થી ૪૦ રૂપિયા ભાવ વેપારીઓ લઈ રહ્યા છે. શાકભાજી અને કઠોળ જીવન જરૂરિયાતની વસ્તુઓ હોવાથી ભાવ વધારા વચ્ચે લોકો જરૂર કરતાં ઓછી ખરીદી કરીને પણ કામ ચલાવી રહ્યા છે.

## શાકભાજીમાં નોંધાયો ભાવ વધારોઃ

વાવાઝોડા દરમિયાન શાકભાજીના ભાવમાં વધારો નોંધાયો હતો. જે હજુ યથાવત છે. હોલસેલમાં ૧૫ ટકાથી વધુ તો રિટેલમાં ૨૦ થી ૨૫ ટકા જેટલો ભાવ વધારો થયો હતો. ટામેટાના એક કિલોના ભાવ ૨૦ રુપિયાના ૧૦૦ રૂપિયા થયા છે. તો આદુના ૬૦ ના ૨૦૦ રૂપિયા થયા છે. કોથમીના ભાવ રૂ.૧૨૦ પહોંચ્યા છે.



## કઠોળના ભાવમાં પણ વધારો :

હોલસેલ બજારમાં કઠોળના ભાવમાં ૫ થી ૧૦ રૂપિયાનો વધારો નોંધાયો છે. તો રિટેલ બજારમાં અલગ અલગ વિસ્તારમાં ૨૦ થી ૪૦ રૂપિયા જેટલો વધારો નોંધાયો છે. જે ખૂબ વધુ કહી શકાય. જેના કારણે લોકો શાકભાજી ખાય કે કઠોળ ખાય તે પ્રશ્ન લોકોને સતાવી રહ્યો છે. મગના કિલોદિઠ ૫ થી ૭ રૂપિયા વધ્યા છે, તો તુવેર દાળના કિલોદિઠ ૧૨૫ રુપિયાના હવે ૧૩૦ થયા છે. ચોળા ૧૦૭ રૂપિયે કિલો હતા. જેના હાલમાં ૧૧૫ રૂપિયા છે. આ સિવાય તમામ કઠોળના ભાવમાં વધારો નોંધાયો છે.

## મસાલામાં પણ ભાવ વધારો નોંધાયોઃ

કઠોળ કરતાં વધુ મસાલામાં ભાવ વધારો નોંધાયો છે. છેલ્લા ૨ કે ૩ મહિના પહેલા જીરું અને વરિયાળી સહિતના મસાલાના જે ભાવ હતા તેની સામે હાલ ૨ થી ૩ ગણા ભાવ વધ્યા છે. જીરું પહેલા રૂ.૩૨૦નું કિલો હતું તે ૬૮૦ એ મળી રહ્યું છે, વરિયાળીનો ભાવ રૂ. ૨૨૦ થી ૪૨૦ પર પહોંચ્યો છે.

# ડો. હેમંત પંડ્યાનું તસવીર કલા પ્રદર્શન



ગાંધીનગર, તા. ૦૨

ગુજરાત રાજ્ય લલિતકલા અકાદમીની સહાયથી અમદાવાદના તસવીરકાર, ચિત્રકાર, લેખક અને શિક્ષણવિદ ડો. હેમંત પંડ્યાના ''તસવીર કલા પ્રદર્શન'' નો પ્રિવ્યું શો રવિશંકર રાવલ કલાભવન , અમદાવાદ ખાતે ચાલી રહ્યો છે. વિવિધ વિષયો પરની તસવીરોનું આ પ્રદર્શન તા. ૮ થી ૧૨ જુલાઈ દરમિયાન ઈન્દોર ખાતે યોજાશે . પદ્મશ્રી ભાલુ મોન્ધેના હસ્તે આ પ્રદર્શન ખુલ્લુ મુકવામાં આવશે.

# કડવા પાટીદાર સમાજ ગાંધીનગરના હોદ્દેદારો



ગાંધીનગર, તા. ૨

કડવા પાટીદાર સમાજ, શ્રી ઉમિયા માતાજી સંસ્થાન, ગાંધીનગરની પ્રથમ કારોબારી બેઠક ઉમા સમાજ ભવન ખાતે સમાજના ટ્રસ્ટી પ્રહલાદભાઈ એસ. પટેલના અધ્યક્ષસ્થાને મળેલી. જેમાં સને ૨૦૨૩-૨૪ માટે હોદ્દેદાર તરીકે પ્રમુખ - મહેન્દ્રભાઈ એ. પટેલ (શક્તિ), ઉપપ્રમુખ - અશોકભાઈ કે. પટેલ, મંત્રી - દિનેશભાઈ ડી. પટેલ, સહમંત્રી - જગદીશચંદ્ર કે. પટેલ અને વસંતકુમાર જી. પટેલ તથા ખજાનચી - દશરથભાઈ સી. પટેલની હોદ્દેદાર તરીકેની સર્વાનુમતે વરણી થયેલ છે.

તેમજ ગત વર્ષે સેવા આપેલ પ્રમુખ ગણેશભાઈ એસ. પટેલની યશસ્વી સેવાઓને ધ્યાને લઈ કારોબારી-ટ્રસ્ટીઓ દ્વારા પ્રશસ્તિ પ્રમાણપત્ર એનાયત કરવાનું નક્કી કરવામાં આવ્યુ હતુ.

# શહેરમાં થતાં વિકાસ કાર્યોનું થર્ડ પાર્ટી ઈન્સ્પેક્શન કરાવો : વસાહત મહામંડળ

**વિકાસમાં વિશ્વાસનીયતા જરૂરી : શહેરમાં ટેન્ડર કાર્ય મુજબ વિકાસ કાર્યો થાય છે કે નહીં તે અંગે થર્ડ પાર્ટી ઇન્સ્પેક્શન કરાવવા અને ખોદકામ બાદ કોન્ટ્રાક્ટર યોગ્ય માટીપુરાણ કરે છે કે નહીં તેની ચકાસણી કરવા માંગ : સાયકલ ટ્રેકનો ખર્ચો ના કરવા રજૂઆત**

ગાંધીનગર, તા. ૦૨

ગાંધીનગરમાં છેલ્લા કેટલાક સમયથી વિવિધ વિકાસ કાર્યો હાથ ધરાયા છે જેને અનુલક્ષીને અવારનવાર વિસંગતતાઓ ઊભી થઈ રહી છે. શહેરના વિકાસ કાર્યોમાં પારદર્શિતા સાથે નાગરિકોની વિશ્વાસનીયતા જળવાઈ રહે તે માટે તેમજ કેટલાંક વિકાસ કાર્યોના પગલે શહેરીજનોને પડી રહેલી હાલાકી ઓછી થાય તે માટે ગાંધીનગર શહેર વસાહત મહામંડળ દ્વારા કેટલાક સૂચનો કરવામાં આવ્યા છે. આ સૂચનોમાં ગાંધીનગરમાં જે વિકાસ કાર્યો થાય છે તેનું થર્ડ પાર્ટી ઈન્સ્પેક્શન કરાવવા, શહેરના માર્ગો પર બનાવાઈ રહેલા સાયકલ ટ્રેકના પ્રોજેક્ટને પડતો મુકવા અને શહેરમાં જે પણ વિકાસ કાર્યોમાં ખોદકામ કરવામાં આવે છે ત્યાં ખોદકામ બાદ બાદ પુરાણ યોગ્ય રીતે થાય છે કે કેમ તેની ચકાસણી કરવા માંગ કરવામાં આવી છે.

ગાંધીનગરમાં મહાનગર પાલિકા દ્વારા વિવિધ વિકાસલક્ષી પ્રોજેક્ટ હાથ ધરવામાં આવ્યા છે. ભૂતકાળના અનુભવોને લક્ષમાં રાખીને શહેરમાં વિકાસ કાર્યોમાં જેતે કોન્ટ્રાક્ટર કે એજન્સીને આપવામાં આવતા ટેન્ડર કાર્યમાં નાગરિકોની વિશ્વાસનીયતા જળવાઈ રહે તે માટે પારદર્શિતા ખૂબ જરૂરી છે. આ વિશ્વસનીયતા ત્યારે જળવાઈ રહે જ્યારે ટેન્ડર કાર્યોનું અન્ય કોઈ નિષ્પક્ષ એજન્સી દ્વારા એટલે કે થર્ડ પાર્ટી ઈન્સ્પેક્શન કરવામાં આવે. જે પણ વિકાસ કાર્ય ટેન્ડર આપીને કરવામાં આવ્યું હોય તેમાં કોઈ ભ્રષ્ટાચાર કે અન્ય અસંગત બાબતો સંકળાયેલી નથી અને વિકાસ કાર્ય ટેન્ડર અનુસાર જ કરવામાં આવ્યું છે તે અંગે થર્ડ પાર્ટી ઈન્સ્પેક્શન કરવામાં આવે તે તે જરૂરી છે અને તે અંગે વિવિધ વસાહત મંડળો દ્વારા મહામંડળ સમક્ષ માંગ કરવામાં આવી હોવાનું જણાવતા વસાહત મહામંડળના પ્રમુખ અરુણ બુચ દ્વારા મ્યુનિસિપલ કમિશનર ઉપરાંત મેયર, ડેપ્યુટી મેયર અને સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન સુધી લેખિત રજૂઆત કરવામાં આવી છે. આ રજૂઆતમાં તેમણે અન્ય બે બાબતો પણ સાકળી લીધી છે જેમાં શહેરના માર્ગો પર વિકાસવાઈ રહેલા સાયકલ ટ્રેકની કોઈ જરૂર ના હોવાનું જણાવતા સાયકલ ટ્રેક બનવવાનો પડતો મુકવાની માંગણી કરી છે. ગાંધીનગરમાં એક તબક્કે ચાલી રહેલા સાયકલ પ્રોજેક્ટને પણ ક્યારનો સમેટી લેવામાં આવ્યો છે અને શહેરના માર્ગો પરથી સાયકલ અદ્રશ્ય થઈ ગઈ હોવાનું જણાવતા સાયકલ ટ્રેક માટે ખોટો ખર્ચ કરવો ના જોઈએ તેવી વસાહત મહામંડળ દ્વારા લાગણી વ્યક્ત કરવામાં આવી છે.

ગાંધીનગરમાં અત્યારે સૌથી મોટી સમસ્યા ઠેર ઠેર ભૂવા પડવાની છે જેનું મુખ્ય કારણ શહેરમાં વિવિધ પાઈપલાઈન નાખવા માટે હાથ ધરવામાં આવેલા વિકાસ કાર્યોમાં કરાયેલા ખોદકામ પછી તેમાં કોન્ટ્રાક્ટર દ્વારા કરવામાં આવતા અપૂરતા માટીપુરાણને કારણે વરસાદમાં માટી પોલાણ થઈ જવાથી ઠેર ઠેર ભૂવા પડી રહ્યા છે જેના કારણે શહેરીજનો જોખમી સ્થિતિનો સામનો કરી રહ્યા છે. શહેરમાં જે પણ વિકાસ કાર્યો ચાલી રહ્યા છે તેના કોન્ટ્રાક્ટરો દ્વારા ખોદકામ બાદ યોગ્ય માટી પુરાણ થાય છે કે નહીં તેની ચકાસણી કરવી જરૂરી બની છે. ગાંધીનગર શહેર વસાહત મહામંડળ દ્વારા વિકાસ કાર્યોમાં ખોદકામ બાદ કરાતા માટી પુરાણના કાર્યની ચકાસણી કરવા માંગ કરવામાં આવી છે.

# સે.ઉન્યુમાં નડતરરૂપ મધુર ડેરીનું કન્ટેનર તુરંત હટાવવા માંગ




ગાંધીનગર, તા.૨

સેક્ટર-ઉન્યુમાં શોપિંગ સેન્ટરની બાજુમાં મધુર ડેરીનું કન્ટેનર મૂકવામાં આવ્યું છે અને તેને ઘણો સમય થઈ ગયો તેમ છતાં હજુ સુધી હટાવવામાં આવ્યું નથી. આ કન્ટેનરના કારણે શોપિંગ સેન્ટરની ઘણી જગ્યા રોકાઈ જવા પામી છે જેના કારણે શોપિંગ સેન્ટરના વેપારીઓથી માંડીને ગ્રાહકો, મુલાકાતીઓને ઘણી અગવડ પડી રહી છે.

નડતરરૂપ આ કન્ટેનરને કારણે વસાહતીઓનો રસ્તો રોકાઈ ગયો છે અને આવવા-જવામાં તકલીફ પડી રહી છે તેમજ ફૂટપાથની જગ્યા રોકાઈ જવા પામી છે તેવું સે.ઉન્યુ વસાહત મંડળના પ્રમુખ જયેશભાઈ આગજાએ જણાવ્યું હતું. આ કન્ટેનરને તાત્કાલિક ત્યાંથી હટાવીને બીજી જગ્યાએ મૂકવા માટે સે.ઉન્યુ વસાહત મંડળ દ્વારા અનેક લેખિત અને મૌખિક રજૂઆતો કરવા છતાં હજુ સુધી તેને હટાવાયું નથી જેથી તેને તાત્કાલિક ધોરણે હટાવાય તેવી સ્થાનિકોમાં માંગ પ્રબળ બની રહી છે.

# સે-૨૩માં માર્ગ વચ્ચે ખાડાઓને કારણે અકસ્માતનું જોખમ

**સેક્ટરમાં આંતરિક માર્ગોની હાલત દયનીય : વરસાદી પાણીના ભરવાથી સ્થિતિ વધુ કફોડી**




ગાંધીનગર, તા. ૦૨

ગાંધીનગરમા વરસાદ ગઈકાલથી અટકી ગયો છે પરંતુ ચોમાસાના પહેલા જ વરસાદમાં શહેરમાં વિકાસ કાર્યો અને પ્રિમોનસુન પ્લાનની પોલ ખુલી જવા પામી છે. શહેરમાં ઠેર ઠેર વરસાદી પાણીના નિકાલમાં સમસ્યા જોવા મળી રહી છે અને તે સાથે સાથે સેક્ટરોના આંતરિક માર્ગો પર ખાડાખૈયા થઈ જવા પામ્યાં છે. શહેરના સેક્ટર-૨૩માં સ્વામિનારાયણ મંદિરથી નિસર્ગ સાયન્સ સેન્ટર થઈને શોપિંગ સેન્ટર તરફ જતાં માર્ગ પર બગીચા નજીક સાયકલ સ્ટોર્સ સામે પાઈપલાઈન નાંખવા રોડને આડો ખોદવામાં આવ્યો હતો પછી ત્યાં ડામર વગેરે નાખીને સાંધો પુરવાને બદલે તેમાં માત્ર માટી પુરાણ જ તે પણ અપૂરતું કરાયું હતું જેના કારણે વરસાદમાં માટી બેસી જતાં રોડ આડા ખાડા જેવું થઈ ગયું છે જે ત્યાંથી પસાર થતાં તમામ પ્રકારના વાહન ચાલકો માટે તો જોખમી છે જ પરંતુ નજીકમાં કડી સર્વ વિદ્યાલય કેમ્પસ હોવાથી ત્યાંથી દિવસભર સાયકલ લઈને પસાર થતાં વિદ્યાર્થીઓને પણ અકસ્માત થઈ શકે તેવી ભીતિ પેદા થવા પામી છે.

સત્વરે આ જગ્યાએ રોડનું બાકી અધૂરું કામ પૂરું કરવું જરૂરી જણાઈ રહ્યું છે. આ ઉપરાંત સેક્ટર-૨૩માં મેથોડિસ્ટ ચર્ચથી શોપિંગ સેન્ટર સામે થઈને સ્વામિનારાયણ ગુરુકુળ તરફ જતાં માર્ગ પર ત્રણ રસ્તા પાસે પણ રોડને વચ્ચેથી આડો ખોદીને પછી તેને ફરી બનાવ્યો નથી કે થીગડું માર્યું નથી તેથી ત્યાં પણ એક ખાડો પડી જવા પામ્યો છે.

આ ખાડામાં વરસાદી પાણી ભરાયેલું રહેતું હોવાથી ખાડો હોવાનો અંદાજ આવતો નથી અને ત્યાંથી પસાર થઈ રહેલા વાહનો પછડાય છે જેના કારણે પણ અકસ્માતનું જોખમ સર્જાયુ છે. આ સિવાય પણ સેકટર-૨૩માં સ્વામિનારાયણ મંદિર અને અરવિંદ કેન્દ્રની આસપાસના વિસ્તારમાં વરસાદી પાણીના ભરાવાની સમસ્યા સર્જાઈ છે તેમજ સોસાયટી વિસ્તારમાં પણ નાના મોટા ખાબોચિયા ભરાવા પામ્યાં છે જેના કારણે નાગરિકોને પરેશાનીનો સામનો કરવો પડી રહ્યો છે.

# શેઠ સી.એમ.શાળા દ્વારા વિદ્યાર્થીઓના આવકારોત્સવ અને વાલી-સહચિંતન બેઠકનું આયોજન





ગાંધીનગર, તા. ૦૨

શૈક્ષણિક વર્ષ – ૨૦૨૩-૨૦૨૪ ધોરણ-૯ તથા ધોરણ-૧૧ ના વિદ્યાર્થીઓનો શાળા પ્રવેશોત્સવ અને વાલી સહચિંતન શિબિરનું આયોજન સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત શેઠ સી.એમ. હાઈસ્કૂલ એન્ડ હાયર સેકન્ડરી સ્કૂલ દ્વારા ખીમજી વિસરામ હોલમાં કરવામાં આવ્યું હતું શાળાના આચાર્ય ડૉ.ચેતનાબેન બુચ દ્વારા વિદ્યાર્થીઓને આગામી શૈક્ષણિક આયોજનો પરીક્ષાના ભાવી આયોજન તેમજ શિસ્ત અને ખૂબ ઉત્કૃષ્ટ પરિણામો આવે તે માટે જરૂરી માર્ગદર્શન પણ આપવામાં આવ્યું હતું. આ સાથે જ કાર્યક્રમની શરૂઆતમાં વૈદિક મંત્રોચ્ચાર દ્વારા વિદ્યાર્થીઓએ સમગ્ર વાતાવરણને ભવ્ય અને દિવ્ય બનાવ્યું હતું. અને આ વૈદિક મંત્રોચ્ચાર ની વચ્ચે શ્રી નીલકંઠભાઈ શાસ્ત્રી અને શિક્ષકગણ દ્વારા વિદ્યાર્થીઓને કુમકુમ તિલક અને અક્ષત કરી શાળા પ્રવેશોત્સવ કરાવવામાં આવ્યો હતો. શ્રી નીલકંઠભાઈ શાસ્ત્રીજી દ્વારા વિદ્યાર્થીઓને આપણી પ્રાચીનતમ સંસ્કૃતિ અને યોગ સૂર્ય નમસ્કાર કરવા તરફ પણ સંકેત આપ્યો હતો. અને આજના આ તણાવગ્રસ્ત જીવનમાં કઈ રીતે સમાયોજન સાધવું અને ઉત્કૃષ્ટ પરિણામ લાવવું તેવી શીખ આપવામાં આવી હતી.



આર્યુવેદિક દવાઓનો ઉપયોગ કોરોનાકાળ પછી વધતો જાય છે. આર્યુવેદિક દવાઓની ઉપયોગીતા સમજાતા તેનો વ્યાપ વધ્યો છે. ત્યારે સરગાસણ ખાતે આર્યુવેદિક દવાઓના નવા સ્ટોરનું ઉદ્‌ઘાટન કરવામાં આવ્યુ હતુ. પૂ. કૈલાસદીદીના હસ્તે આર્યુવેદિક હર્બલ સૃષ્ટિ મેડીકલ સ્ટોરનો પ્રારંભ કરાયો હતો.

# મહાત્મા ગાંધી વિદ્યામંદિર દ્વારા વાલી મીટીંગનું આયોજન



ગાંધીનગર, તા. ૦૨

મહાત્મા ગાંધી વિદ્યામંદિર, સે. ૧૬ દ્વારા ધોરણ-૧૦ અને ૧૨ ના વિદ્યાર્થીઓ અને વાલી સાથે વાલી મીટીંગ રાખવામાં આવી હતી. જેનો મુખ્ય હેતુ ધોરણ ૧૦, ૧૨ ની ૨૦૨૪ની બોર્ડની પરીક્ષાનું પરિણામ સુધારવા માટેનો હતો તેમ આચાર્ય હસમુખભાઈ પટેલે જણાવ્યુ હતુ.